**Research Review** **ISSN : 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **June 2019, Year - 5 (74)**
**www.researchreviewonline.com** **Paper ID : RRJ000024**

# સામાન્ય અને મનોદુર્બળ બાળકોના માતાપિતામાં ચિંતા

સંશોધક

**ભાવિશા રાદડિયા**

રીસર્ચ સ્કોલર, મનોવિજ્ઞાન વિભાગ

સી.યુ.શાહ યુનિવર્સિટી, વઢવાણ સીટી

---

માનવ વર્તનને બે ભાગોમાં વહેચવામાં આવે છે સામાન્ય (Normal) તથા અસામાન્ય (Abnormal). Normal શબ્દ લેટીનના નૌરમાં (Norma) શબ્દથી બન્યો છે. જેનો અર્થ છે. 'સુથારનો સ્કેલ' (Carpenter's rules) જેવી રીતે સુથાર પોતાના સ્કેલનો પ્રયોગ એક પ્રણામ તરીકે કરીને એ નિશ્ચિત કરે છે કે કેવી પરિસ્થિતિમાં શું સામાન્ય માપન હશે, બરાબર તે જ અર્થમાં Normal શબ્દનો પ્રયોગ અંગ્રેજી ભાષામાં એક માન્ય રીત અથવા પ્રમાણભૂતતાને જ્ઞાનાત્મક કરવા માટે કરવામાં આવે છે. મનોવૈજ્ઞાનિકો અને અન્ય વિશેષતાઓની વચ્ચે આજે પણ આ વાતની અસદમતી છે કે સામાન્યનો અર્થ શું થાય છે? કેટલાક લોકો એક વર્તનને સામાન્ય સમજે છે તો તેજ વર્તનને અન્ય સમાજ કે સંસ્કૃતિ અસામાન્ય માનવામાં આવે છે જયારે અસામાન્ય શું છે. તેને સર્વમાન્ય રીતથી વ્યખ્યાકિત કરી શકાતું નથી તો અસામાન્ય વર્તનને વ્યાખ્યાયિત કરવા સ્વાભાવિક રીતે એક મુશ્કેલીભર્યું કાર્ય છે.

Normal શબ્દમાં ઉપસર્ગ AB જોડીને Abnormal અથવા અસામાન્ય શબ્દનું નિર્માણ થયું છે. આ તથ્યને ધ્યાનમાં રાખીને કહી શકાય કે અસામાન્ય તે છે, જે સામાન્ય નથી અથવા સામાન્યથી અલગ છે. (Abnormal is one which is not normal or away from normal) પરંતુ માત્ર એટલું કહેવાથી અસામાન્ય વર્તનનો અર્થ સ્પષ્ટ થતો નથી. રીગત, (Riger, 1998) ના અનુસાર અસામાન્ય વર્તન એક એવું વર્તન હોય છે જે સામાજીક રીતે અસામાન્ય, દુઃખદાયી અને વિકૃતિ બોધાત્મક (distorted cognition) ના પરિણામ સ્વરૂપે ઉત્પન્ન થાય છે. જોકે, આવા વર્તનથી વ્યક્તિની સામાન્ય સમાયોજનમાં મુશ્કેલી થાય છે. આથી તેનું સ્વરૂપ કુ સમાયોજિત (Maladaptive) પણ થઈ જાય છે. ટૂંકમાં ઉંમરના અનુરૂપ વાણી વર્તન, વ્યવહાર થતો અસમયોજીત ફેરફાર.

દરેક વ્યક્તિ એક સમાજમાં રહે છે જેને પોતાના ધોરણો (Norms) હોય છે. જે એ બતાવે છે કે, તેને શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, જયારે વ્યક્તિનું વર્તન આ ધોરણની અનુકૂળ હોય છે તો તેને સામાન્ય કહેવાય છે પરંતુ જયારે તેનું વર્તન આ ધોરણોનું અનિક્રમણ કરે છે તો તને અસામાન્ય કહેવાય છે.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-74-june-2019/RRJ000024

ISSN : 2321- 4708
June 2019, Year - 5 (74)
Paper ID : RRJ000024

અપરિપક્વતા એ આધારન વર્તનની પ્રથમ કસોટી છે. પરિપક્વ વર્તન વ્યક્તિનું ઉમર પ્રમાણેનું વર્તન દા.ત. વીસ વર્ષનો છોકરો કોઈ વસ્તુની પ્રાપ્તી માટે નાના છોકરાની જેમ રડે કે બીજી વ્યક્તિઓ ઉપર આધાર રાખે તો આવી જાતનું વર્તન અસાધારણ વર્તન કહેવાઈ અસાધારણ વ્યક્તિઓમાં બૌધ્ધિક દુર્બળતા, માનસિક, રોગગ્રસ્તતા અસ્થિત આવેગો, ઘચિત વ્યક્તિત્વ, દોષ યુક્ત ચારિત્ર્ય જોવા મળે છે.

**સંશોધનનો હેતુ :**

"સામાન્ય અને મનોદુર્બળતા ધરાવતા બાળકોના માતા-પિતાની ચિંતાનો તુલનાત્મક અને મનોવૈજ્ઞાનિક અભ્યાસ"

**ઉત્કલ્પનાઓ :**

૧. સામાન્ય બાળકોના માતાપિતા અને મનોદુર્બળ બાળકોના માતાપિતાની ચિંતા ના પ્રાન્તાકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહીં.

**નિદર્શ :**

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર જામનગર જીલ્લાની શાળામાં અભયસ કરતા 240 સામાન્ય બાળકોના માતાપિતા અને 240 મનોદુર્બળતા ધરાવતા બાળકોના માતાપિતાને પસંદ કરવામાં આવ્યા હતા જે બનેમાં 120 માતા અને 120 પિતાનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેમજ તે દરેકમાં 60 ગ્રામ્ય વિસ્તારમાં અને 60 શહેરી વિસ્તારમાં રહેતા માતા કે પિતાને પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધનના સાધનો :**

પ્રસ્તુત અધ્યયનનો હેતુ સામાન્ય અને મનોદુર્બળતા ધરાવતા બાળકોના માતાપિતાની ચિંતાનો તુલનાત્મક અને મનોવૈજ્ઞાનિક અભયસ કરવાનો હોવાથી બાળકોના માતાપિતા પાસેથી માહિતી એકત્રિત કરવા માટે નીચેના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૧ વ્યક્તિગત માહિતીપત્રક :**

અહી માતાપિતાની ચિંતા અને સમાયોજનનું માપન કરવા માટે વ્યક્તિગત માહિતી પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું જેમાં માતાપિતાનું નામ, સરનામું, માતાપિતાનો પ્રકાર, માતા કે પિતા, રહેઠાણનો વિસ્તાર, માતાનો અભયસ, પિતાનો અભયસ, માતાનો વ્યવસાય, પિતાનો વ્યવસાય, માતા પિતાના કુટુંબની માસિક આવક વગરે જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૨ ચિંતા માપન તુલા :**

- ➔ કસોટીનું નામ : Sinha's Comprehensive Anxiety Text :
- ➔ રચયિતા : એ. કે. પી. સિંહા અને એન. કે. સિંહા 1995 હિન્દી વર્ઝન
- ➔ ગુજરાતી પ્રમાંતીકરણ : ડૉ. ડી. જે ભટ્ટ (1998)
- ➔ માપન : આ કસોટી વ્યક્તિમાં ચિતાનું પ્રમાણ કેટલું છે તેનું માપન કરે છે.

ISSN : 2321- 4708
June 2019, Year - 5 (74)
Paper ID : RRJ000024

**કસોટીના માનાંકો :**

આ કસોટીના માનાંકો બી.એ ના 400 વિદ્યાર્થી ઓ જેના 200 છોકરાઓ અને 200 છોકરીઓ ઉપર મેળવવામાં આવેલ છે જેમાં 75% થી વધુ અથવા બહુ જ ઊંચાં પ્રાન્તાકોવાળી વ્યક્તિ અને ચિંતાગ્રસ્ત વ્યક્તિ ગણાય છે. જેનું વ્યક્તિત્વ જટિલ હોય છે અને તેના સલાહ માર્ગદર્શન કે મનોપચારની જરૂર હોય છે. જયારે 25% થી પણ ઓછા એટલે કે બહુ જ ઓછા પ્રાન્તાંક મેળવનાર વ્યક્તિ પ્રેરણાહીન અને પ્રમાણી ગણાય છે. જયારે માધ્યમ પ્રાન્તાંક મેળવનાર વ્યક્તિઓ ગણાય છે.

**કસોટીની વિશ્વસનીયતા :**

આ કસોટી ની વિશ્વસનીયતા નક્કી કરવા માટે કસોટી પુન:કસોટીની રીતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં કસોટી અને કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે પ્રોડક્ટ મેમેન્ટ કોરી લેશન ૦.૮૫ જોવા મળે છે ઇબ્રાઉનમેંના સૂત્ર પ્રમાણે કસોટીના વિશ્વસનીયતા 0.92 જોવા મળે છે બંને મુલ્યો કસોટીની ઉચ્ચ ચીશ્વાસ્નીયતા દર્શાવે છે.

**કસોટીના યથાર્થતા :**

ટેઈલરની મનીફેસ્ટ ચિંતા કસોટી અને સિંહાની વિકૃત ચિંતા કસોટી સાથે યથાર્થતા શોધવામાં આવી તો કસોટીની યથાર્થતા 0.6 L જોવા મળી છે 0.001 કક્ષાએ સાર્થક છે.

**ધારણા :**

આ કસોટીના ક્ષાનાકો બી. એ. ના વર્ગના 400 કોલેજના વિદ્યાર્થીઓ (200 છોકરાઓ 200 છોકરાઓ) ના નમૂનાઉપરથી તૈયાર કરવામાં આવ્યા છે છોકરા-છોકરીઓના અલગ-અલગ ધોરણો દર્શાવેલ છે.

**ગુણાંકન :**

વિકૃત કસોટીના 90 પ્રશ્નો આપેલા છે કસોટી પ્રત્રક એ દરેક પ્રશ્ન સામે આપેલા 'હા' અને 'ના' માંથી કોઈ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિક્રિયા રાખવાની છે. દરેક ને 'હા' ઉતર માટે 1 અને 'ના' ઉત્તર '0' પ્રાન્તાંક આપવામાં આવે છે ઓછામાં ઓછો પ્રાન્તાંક 0 અને વધુમાં વધુ પ્રાન્તાંક 90 આવી શકે.

**પરિણામ અને ચર્ચા :**

HO1 : સામાન્ય બાળકોના માતાપિતા અને મનોદુર્બળ બાળકોના માતાપિતાના ચિંતાના પ્રાય્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

ISSN : 2321- 4708
June 2019, Year - 5 (74)
Paper ID : RRJ000024

**પરિણામ કોષ્ટક નં ૧**

સામાન્ય અને મનોદુર્બળ બાળકોના માતાપિતા (A) પરિવર્ત્યના ચિંતા ના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક (N : 480)

| માતાપિતાનો પ્રકાર (A) | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|
| સામાન્ય બાળકોના માતાપિતા ($A_1$) | 240 | 36.33 | 11.23 | 0.01 |
| મનોદુર્બળ બાળકોના માતાપિતા ($A_2$) | 240 | 42.05 | | |

0.05 = 3.86 0.01 = 6.70

**પરિણામ કોષ્ટક નં : ૨**

સામાન્ય અને મનોદુર્બળ બાળકોના માતાપિતા (A) પરિવર્ત્યના ચિંતા ના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D કોષ્ટક (N = 480 )

| Sr No | pairs | Mean Diff. | Sig |
|---|---|---|---|
| 1 | $A_1$ $V_s$ $A_2$ | 5.72 | 0.01 |

0.05 = 0.86 0.01 = 1.14

પરિણામ કોષ્ટક નં. ૧ માં જોતા જણાય છે કે સામાન્ય અને મનોદુર્બળ બાળકોના માતા-પિતા ના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલ F ની કિંમત 11.23 છે. જયારે 0.05 અર્થસૂચક કક્ષાએ fની કિમત 6.70 છે. અહી પ્રાપ્ત થયેલ fની કિમત મોટી છે. તેથી તફાવત સાર્થક છે. એહી $HO_1$ નો અસ્વીકાર થાય છે. અને તારણ તારવવામાં આવે છે કે સામાન્ય બાળકોના માતા-પિતા કરતા મનોદુર્બળ બાળકો ના માતા-પિતા ની ચિંતા વધુ જોવા મળે છે.

સામાન્ય અને મનોદુર્બળ બાળકોના માતા-પિતા ના સંદર્ભમાં L.S.D. તફાવત પણ સાર્થક જોવા મળે છે જે કોષ્ટક નં ૨ માં દર્શાવવામાં આવેલ છે. અહી $A_1$ $V_s$ $A_2$એટલે કે સામાન્ય બાળકોના માતાપિતા અને મનોદુર્બળ બાળકો ના માતાપિતા ની ચિતાના મધ્યકો અનુક્રમે 36.33 અને 42.05 છે અને બંને વચ્ચેનો તફાવત 5.72 છે જે જે 0.01 અર્થકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે સામાન્ય બાળકોના માતાપિતા કરતા મનોદુર્બળ બાળકો ના માતાપિતા ની ચિંતા વધુ જોવા મળે છે.

**તારણ :**

સામાન્ય બાળકોના માતાપિતા કરતા મનોદુર્બળ બાળકો ના માતાપિતા ની ચિંતા વધુ જોવા મળે છે.

## સંદર્ભગ્રંથો

- Dollard, Miller et al. (1939). The hypothesis suggests that the failure to obtain a desired or expected goal leads to aggressive behavior, Frustration and aggression, yale university press4 New haven, ISBN 0 – 313- 22201- 0
- Miller, Barker et alp (1941). Symposium on the Frustration – Aggression Hypothesis, psychological Review, No. 48, pp. 337-366
- Berkowitz – Leonard (1969). The frustration – aggression hypothesis revisited. in : Berokowitz (ed.), Roots of aggression, Athernton press, New York.
- Friedman, H., Schustack, M. (1999). Personality classic theories and modern research. (fifth ed., pp. 204-207). Pearson
- Dill, J. C; Anderson, C.A. (1995). “Effects of Frustration Justification on Hostile Aggression”. Aggressive Behaviour 21 : 359-369/ 10. 10002% 2F1098-2337% 281995% 2921% 3Ad% 3c359% 3A% 3 Aaid.ab 24802-10505% 3E3.0.co% 3B2-6.